

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બધા પક્ષોને આવી છે આંચ કોઈ બોલતું નથી!*
*ઉદ્યોગોથી લીધી છે લાંચ સત્ય કોઈ તોલતું નથી!*
*ઘાંસમાં ગાડું કાળાં નાણાંનું આબરૂ સૌની ટાંચમાં -*
*ચાંચમાં છે ચૂંટણી ને મોઢું ખોઈ ખોલતું નથી!*
*(દુઃખે છે પેટ ને કૂટે વિરોધ)*

હાઈકુ

*લીધું ભીંસમાં,*
*નાણાના અજગરે -*
*બેન્કનું તંત્ર...*
*(બેન્કની 'કરોડ' ભાંગી!)*

*કરે કાયદા,*
*સાંધે વારંવાર ત્યાં -*
*તૂટે છે તેર...*
*(રિઝર્વ બેન્કના ફતવા)*

*(પગાર વધારો માગો, તક છે)*

### ચિંતન

**ન મહારાજ હાસઃ કર્તવ્યઃ**

મહાજનનો પરિહાસ ન કરો.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે. જે સમાજમાં મહાજનોનો પરિહાસ (એમની મજાક) કરવામાં આવે છે અને એમનો આદર કરાતો નથી એ સમાજની ઉન્નતિ ક્યારેક થતી નથી. વિદ્વાન પૂજ્ય હોય છે અને એમની પૂજા કરવી એ પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે.

જે વિદ્વાન જ્ઞાની સંત સજ્જન છે તેમનું સમાજમાં પૂજનીય સ્થાન છે. તેમને વિનયપૂર્વક આદર સત્કાર મળવો જોઈએ; પણ આજના યુવાનોને વિદ્વતાની સમજ નથી અને એનું મૂલ્ય પણ સમજતા નથી તેથી તેનો ઉપહાસ પણ કરે છે.

જે સમાજમાં જ્ઞાની પંડિતોનું માન સન્માન થતું નથી કે સચવાતું નથી એ સમાજની ઉન્નતિ થતી નથી પરંતુ પતન થાય છે.

સમાજની પ્રત્યેક વ્યક્તિનું એ પરમ કર્તવ્ય છે કે વિદ્વાન અને વિદ્વતાનું સન્માન કરે અને સાચવે.

### સુવિચાર

- જે કાર્ય કરતા મનમાં આનંદ વ્યાપી જાય એ ધર્મ અને
  જે કાર્ય કરતાં મનમાં ગ્લાનિ વ્યાપી જાય એ અધર્મ - **જનકલ્યાણ**
- પોતાનાથી વધુ સ્માર્ટ કે બુદ્ધિશાળી હોય એનો સંગ કરવો અને
  એમને આજુબાજુ રાખવા કે એમની આજુબાજુ રહેવું - **એન્ડ્રુ કાર્નેગી**
- ઢગલાઓ રેસામાંથી મોટું દોરડું બને છે, ભૂલો આ રેસાઓ જેવી છે - **વિક્ટર હ્યુગો**
- માણસ ઉડાડે માખી, માણસને ઉડાડે તુમાખી - **એસ. ભટ્ટાચાર્ય**
- ગુપ્તચરની માહિતી વિના યુદ્ધમાં ઉતરવું એ
  બોક્સિંગ રીંગમાં આંખે પાટા બાંધીને ઉતરવા સમાન છે - **જનરલ માણેકશા**
- ગરીબની સૌથી નિરાંતની વાત એ છે કે
  પોતાનું સુખ ઝૂંટવાઈ જવાની ફિકરમાં હોતો નથી - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : મેથીનો ભૂકો ગોળના પાણી સાથે લેવાથી કબજીયાતમાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

'રામચરિત માનસ'માં તુલસીદાસજીએ કહ્યું છે 'સિયારામ મય સબ જગ જાની કરઉં પ્રનામ સબ સન્માની' વિશ્વના બધાં પ્રાણીને પ્રભુમય સમજે એ જ સાચો સંત - બિમાર અપંગ આંખલો હોય કે સમૃદ્ધ શેઠ એની આંખે - હૃદયે બધા સરખા!

રામકૃષ્ણ પરમહંસ એકવાર જતા હતા ત્યારે એક ઘોડાગાડીવાળો પોતાના ઘોડાને ખૂબ ખરાબ રીતે ચાબૂકે ચાબૂકે ફટકારતો હતો - રામકૃષ્ણ પરમહંસથી આ જોવાયું નહીં - એમના હૃદયમાં કંપારી છૂટી આંખે આંસુ છલક્યાં દોડતાં દોડતાં ઘોડાવાળાનો ચાબૂકવાળો હાથ પકડી લીધો - કહ્યું, 'ભાઈ આ તો પશું છે એણે કંઈક ભૂલ કરી હશે - તારી આજ્ઞા નહીં માની હોય પણ તું એને માફ કરી દે - એને સમજ નથી માટે તું 'ફટકાર' નહીં - ઘોડાવાળો તાડૂક્યો - બાબા! આ ઘોડો મારો છે અને ચાબૂક પણ, હું મારા ઘોડાને મારું એમાં તને શું તકલીફ થાય છે!

પરમહંસે પીઠ પરથી ખેસ ખસેડી કહ્યું, તો ભાઈ તેં ઘોડાને જેટલાં ચાબૂક માર્યા છે તેના ચાબકા મારી પીઠ પર ઉઠેલા લીસોટાના સોડથી ગણી લે! ઘોડાવાળાએ ઉઠેલું લોહી જોયું. રામકૃષ્ણને પગે પડી રડી પડ્યો.

# વિરોધવંટોળ વચ્ચે વડાપ્રધાનનું સૂચક મૌન

મમતા બેનરજી અને કેજરીવાલની જુગલ જોડીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ડિમોનિટાઈઝેશન નિમિત્તે વિરોધ આક્ષેપો કર્યા છે. એમાં પણ કેજરીવાલે તો લાખો કરોડનાં કૌભાંડની શંકા સેવી છે અને ગરીબોના પૈસે માતેલુજાર કોર્પોરેટર હાઉસવાળા ભાજપના ફંડ દાતાઓનાં નાણાં સફેદ કરવા ઉપરાંત એમની બેન્ક પાસેની લોનો ભરપાઈ જવાની શક્યતાનો આક્ષેપ મૂક્યો છે. મમતા બેનરજીએ ત્રણ દિવસની મહેતલ આપીને સરકારના ક્રાંતિકારી નિર્ણયને પાછો ખેંચી લેવા પડકાર ફેંક્યો છે, તે જરા વધારે પડતી વાત લાગે છે. કેન્દ્ર સરકારે જયારે આયોજનપૂર્વક આવો ક્રાંતિકારી નિર્ણય કર્યો હોય ત્યારે એને બદલવાની વાત વાહિયાત જ લાગે. અલબત્ત આવો નિર્ણય પ્રજાકીય પ્રતિનિધિઓને વિશ્વાસમાં લઈ કરાયો હોત તો તે વધુ આવકાર્ય બન્યો હોત. પરંતુ જયારે વડાપ્રધાન કાળાં નાણાં પર ત્રાટકવા માગતા હોય તો એની આવી સામૂહિક ચર્ચાથી કાળાં નાણાં ધરાવતા લોકોને પોતાની અસ્કામતો સગેવગે કરવાની તક જ મળી જાય. એટલે એક તરફ ગરીબ પ્રજા રોજી રોટી માટેનું રોજિંદુ કામ પડતું મૂકી બેંકો આગળ લાંબી લાઈનો લગાડે છે ત્યારે પણ મોટા ભાગના લોકોને વડાપ્રધાનને લીધેલ આ આકરું પગલું જરુરી હતું, એવું તો લાગે જ છે. અલબત્ત જે અંધાધૂંધી સરજાઈ છે અને કેટલીક જાનહાનિ નોંધાઈ છે તે ખરે જ અફસોસજનક ગણાવી જોઈએ. સરકારી તંત્ર આવા ઐતિહાસિક નિર્ણયના અમલીકરણ મુદ્દે જરૂરી વ્યવસ્થા નથી ઊભી કરી શક્યું તેની પણ નોંધ લેવી જ રહી. ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી રહી ચૂકેલા સંઘના વિચારપુરુષ સુધ્ધાં આ મુદ્દે સરકારની ખુલ્લી ટીકા કરી રહ્યા છે અને મૃતકોને વળતર આપવાની માગણી કરી રહ્યા છે તે સૂચક છે. સંસદમાં આ મુદ્દે વિપક્ષ એક થઈને હોબાળો મચાવી રહ્યો છે ત્યારે વડાપ્રધાન સંસદમાં પધારી પોતાની 'મન કી બાત' કરવાનું ક્યાં સુધી ટાળી શકશે? બનવાજોગ કે તેઓ એમની વ્યૂહાત્મક રાજનીતિના ભાગરૂપે ગેરહાજર રહી વિપક્ષી નેતાઓને એમનાથી થાય એટલો વિરોધ કરવા દે - પછી ધીમે રહીને એમને તો એટલું જ કહેવાનું બાકી રહેશે કે એ બધા કાળાં નાણાં નાથવા માટેના મારા પવિત્ર પગલાનો વિરોધ કરી રહ્યા હતા, પરંતુ મૂંગે મોંએ બેન્કો સામે લાઈનો લગાવનારી ગરીબ પ્રજા મને વધુ સારી રીતે સમજે છે. જો એમ ન

**તંત્રીસ્થાનેથી...**

હોત તો તેણે તોડફોડ કરી હોત, વાહનો સળગાવ્યાં હોત. એવું કશું જ નથી બન્યું તે એમને મારું આ પગલું ગમ્યું હોવાનું પ્રમાણ છે. એમને તો ઠીક, બિલ ગેટ્સ જેવા સૌથી ધનવાન વ્યક્તિને પણ એ ગમ્યું છે!

# વ્યક્તિ કે સંસ્થા પાસે વધુ ધન આવે તો પણ ખર્ચ સામે મર્યાદા રાખવી જરૂરી

જાહેર જીવનમાં નાણાં વપરાશની અણિશુદ્ધતા ગાંધીના જીવન સાથે વણાયેલું હતું. ટ્રસ્ટીશિપના સિધ્ધાંતો થકી વંચિતોના વિકાસ માટેની સમજ આપનાર ગાંધીએ કોઈ પણ જાહેર કાર્યક્રમ પાછળ થયેલા ખર્ચનો હિસાબ આપવાની ખેવના રાખી હતી. જયાં જયાં વ્યક્તિગત કક્ષાએ કે સહકારી ધોરણે નફો કે આવક વધે અને જે તે સંસ્થા કે વ્યક્તિ પાસે વધુ ધન આવે તો પણ ખર્ચ સામે તેણે મર્યાદા રાખવી જોઈએ. વધુ નફો મળે એટલે વધારે સગવડ ભોગવવી એ સારી નિશાની નથી એમ તેઓ સ્પષ્ટ કરતા હતા.

**ગાંધીજી કહે છે 'હું કમાઉં છું' નો મદ રોજ ઈશ્વર ઉતારે છે**

ખાદીના પ્રચાર પ્રસારની સ્થિતિ અન્ય રાજયોની સરખામણીએ ગુજરાતમાં સારી હતી. ખાદી વણાટ અને વેચાણ કરતી દેશભરની પ્રાંતિક સમિતિઓ કરતાં ગુજરાતના ખાદી ભંડારોની સ્થિતિ એ સમયે પણ આજની જેમ સારી હતી. ખાદીના વેચાણ થકી અન્ય રાજયોની ખાદી ભંડારો કરતાં ગુજરાતના ખાદી ભંડારો ખાદીની ખપતના કારણે વધુ સમૃદ્ધ હતા. પરિણામે ગુજરાતના ખાદી ભંડારોમાં સાધન સગવડ સહુથી વધારે હતી એ બાબત ગાંધીની નજરમાંથી ચૂકાઈ ન હતી.

ગુજરાતના ખાદી ભંડારો અન્ય રાજયના ભંડારો કરતાં ખરચ બાબતમાં સહુથી વધારે સગવડ ભોગવી રહ્યું હતું એ સામે પોતાની નારાજગી વ્યક્ત કરતાં ગાંધી સૂચના કરે છે - 'આટલી બધી સગવડ કોઈ સંસ્થાને સારું લાભદાયી નથી. જે સંસ્થા પ્રતિષ્ઠા પામી હોય તેવી સંસ્થાઓએ પોતે જ કંજૂસની જેમ રહેવું ઘટે છે ને આવશ્યક કરતાં એક કોડી પણ વધારે વાપરવી ન જોઈએ. દાન મળ્યું એટલે વાપરી જ નાખવું એવો નિયમ નથી. નિયમ એવો છે કે જરૂર પડે ત્યાં કરોડ માગવા ને વાપરવા; જરૂર ન હોય તો કરોડ મળે તો ય ન વાપરવા.'

ખાદી ભંડારોને વેચાણ થકી મળતી આવક અને શ્રેષ્ઠીઓ દ્વારા મળતા દાનના પરિણામે વિવિધ સગવડો ઊભી કરવા માટે સરળતા રહે છે એવી વાત પ્રત્યે ધ્યાન દોરતા કહે છે 'ખરચને વિશે ગુજરાત કંઈક બેદરકાર બન્યું હોય દરેક કક્ષાએ હિસાબ તપાસવો ઘટે છે, ને જયાં કાપ મૂકવો ઘટે છે, ને જયાં કાપ મૂકવો ઘટે ત્યાં મૂકવો. ઝૂંપડાથી ચલાવાય તો મહેલ ન રચવો. પગવાળા જવાય તો ગાડું ન વાપરવું, ગાડાથી ચાલે તો મોટર ન વાપરવી. આટલી સલાહ પછી ગાંધી વધુ એક સલાહ આપતા કહે છે 'સારો રસ્તો એ છે કે બધી સમિતિએ પ્રજાના પૈસા બચાવવામાં જાણીતા થયા હોય એવા અનુભવીને પોતાના ચોપડા બતાવવા અને ટીકા માગવી જોઈએ.'

ગુજરાતની પ્રાંતિક સમિતિઓ જિલ્લા અને તાલુકા સમિતિઓને મદદ કરતી હતી એ સામે તેમણે ચિંતા વ્યક્ત કરતાં પ્રશ્ન કરે છે 'પ્રાંત જિલ્લાઓને પોષે એનો અર્થ એ થયો કે આપણે પણ ચાલવાને બદલે ડેકબજાણિયાની જેમ માથે ચાલવાનો આરંભ કર્યો. આવો ઊલ્ટો ન્યાય કયાં લગી નભે? જો કે કોઈ સમયે અપવાદ પરિસ્થિતિ ઉદ્‌ભવે એનો વિચાર કરતાં તેઓ કહે છે કોઈ અપવાદ કલ્પી શકું છું. પણ અપવાદ કાયદાને સિદ્ધ કરે છે અપવાદ કાયદો ન બની શકે એવી ચોખવટ તેઓ કરે છે.'



**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજી કહે છે જાલિમ આપણા તનનો અને ધનનો માલિક થઈ શકે છે, મનનો કદી નહિં. (જાલિમ = આવક, ખર્ચ અને દાન પેટે મળતી રકમના સંદર્ભે છે.) મન સ્વતંત્ર રહી શકે છે એ જ્ઞાનમાંથી સત્યાગ્રહનું શાસ્ત્ર જન્મ પામ્યું છે. સવિનય કાનૂન ભંગની સફળતાના પગલે આઝાદી ઢૂંકડી છે એ વાતનો આછો ઉલ્લેખ તેમની વાતમાં કરતાં મહાત્મા કહે છે 'કીડીને કણ અને હાથીને મણ ભગવાન રોજ આપે છે. મનુષ્યે પદમાં આવી માન્યું : 'હું કરું છું, હું કમાઉં છું, હું બાંધુ છું, હું ભાંગુ છું,' આ મદ રોજ ઈશ્વર ઉતારે છે. પણ મનુષ્ય પોતાનો વળ છોડતો નથી. સત્યનો આગ્રહ એ મદ ઉતારવા સારું યોજાયેલ વસ્તુ છે એમ પુનઃ સમજાવ્યા વિના મહાત્મા ગાંધી રહી શકતા નથી.

સંદર્ભ : જાહેર ખરચ, ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૬, નવજીવન પ્રકાશન, અમદાવાદ)

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# પગ પગ ભમ્મ્યા પહાડ : ધરા છાંડ રાખ્યો ધરમ

રાજસ્થાનના સુપ્રસિધ્ધ ક્રાંતિકારી કવિ કેસરીસિંહજી બારહઠ (૧૮૭૨-૧૯૪૧) મા જગદંબાને પ્રાર્થના કરતા લખે છે :



સંતાન સચ્ચે અભય હો
તેરેહી તારન તરની હમ
સામર્થ્યદે મા કર સકેં
યહ સિધ્ધ ચારન બરન હમ
બહોત સોયે ગાઢ નિંદ્રા
ચાહતે જાગરન હમ
સ્વાતંત્ર્યકી તુ મહાસાગર
તેરે હી હે નિરઝરન હમ.

વીરતા અને સામર્થ્યના આજીવન ઉપાસક ક્રાંતિકારી કવિ કેશરીસિંહજી (રાજસ્થાન) જગતજનની પાસે સ્વતંત્રતા — સ્વાધિનતાની માગણી કરે છે. સ્વાધિનતાનું સ્વપ્ન લઈને જીવી જનાર વ્યક્તિને સત્ય તથા અભયના માર્ગે ડગ ભરવા પડે છે તેની કવિને પ્રતિતિ છે. આ માર્ગે જવાના જોખમોથી કવિ પૂર્ણતઃ વાકેફ છે. છતાં પણ મનમાં આવું મોટા ગજાનું વીર સ્વપ્ન છે. જેની સામે સંઘર્ષમાં ઉતરવાનું છે તે દુનિયાની તે સમયની સૌથી શક્તિશાળી બ્રિટીશ સત્તા છે. સ્વાધિનતા મેળવવાની લડત આવા શક્તિશાળી શાસન સામે કરવાની છે. આ માટે સર્વસ્વનું બલિદાન આપવાની આ ક્રાંતદ્રષ્ટા કવિની સંપૂર્ણ તૈયારી છે. પોતાના લઘુબંધુ તથા પ્રિય યુવાન પુત્રને સંઘર્ષની આ પાવક યજ્ઞની વેદીમાં બલિદાન તરીકે હોમી દેવાના સમયે પણ કવિ વિચલિત થયા નથી. રંજ અનુભવતા નથી. ઈશની પ્રેરણાથી કર્તવ્ય નિભાવીને પરમ પિતાના શરણે જવાની આ જાજ્વલ્યમાન અભિલાષા છે.

સામ્રાજય શકિત શત્રુ વહી
સર્વસ્થ થા સો ગઢ ગયા,
પ્રિય વીર પુત્ર પ્રતાપ સા વેદી
બલિ પર ચઢ ગયા!
ભ્રાત જોરાવર હુવા પ્યારા
નિછાવર પથ વહી,
પતિત-પાવન દીનબંધો!
શરણ ઈક તેરી ગહી

સ્વાતંત્રય સંગ્રામની વેદી પર અનેક વીરોના ઉજવળ બલિદાનો દેવામાં આવ્યા તેમાં રાજસ્થાનના આ ચારણ કવિ કેશરીસિંહજીનું ચરિત્ર અગ્રસ્થાને ઝળહળે છે. આ વીર કુટુંબની ગાથા સિવાય રાજસ્થાનના સ્વાતંત્ર્ય સંગ્રામનો પૂર્ણ ઈતિહાસ આલેખી શકાય તેમ નથી. કેશરીસિંહજી ઉચ્ચ કોટીના વિદ્વાન, શિક્ષણશાસ્ત્રી તેમજ સમાજ સુધારક હતા. તેમની બહુમુખી પ્રતિભા હતી. દેશના અગ્રણી ક્રાંતિકારીઓ જેવા કે શામજી કૃષ્ણવર્મા, રાસબીહારી બોઝ, લાલા હરદયાલ વગેરે સાથે તેમનો જીવંત સંપર્ક હતો. કવિરાજના પિતા કૃષ્ણસિંહ બારહઠ મહર્ષિ દયાનંદના પટ્ટશીષ્ય છે. સ્વાધીનતા અને બલિદાનના કઠીન સંસ્કાર પિતા તરફથી કેસરીસિંહજીને મળેલા છે. કેશરીસિંહજીની શિક્ષા પર વિશેષ ધ્યાન પિતા તથા તેમના મામાએ આપેલું છે. ઠાકુર કેસરીસિંહજી સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત, પાલી, બંગાળી, હિન્દી, મરાઠી તથા ગુજરાતી ભાષાઓનું અધ્યયન કરે છે. શાસન તથા વારસામાં મળેલા સંસ્કારોના વિશાળ અનુભવથી સમજણ અને જ્ઞાનના અનેક શિખરો તેમણે સર કરેલા છે. મેવાડ રાજયની રાજકીય સેવામાં ઠાકુર સાહેબે હંમેશા ન્યાય તથા રાજયના ઉજળા ઈતિહાસનું ગૌરવ જળવાઈ રહે તેવા પ્રયાસો કરેલા છે. પંડિત શામજી કૃષ્ણવર્મા જેવા વિચક્ષણ ક્રાંતિકારીની સેવાઓ મેવાડને મળે તે વિચારને વાસ્તવિકતામાં બદલવા પાછળ ઠાકુર સાહેબની દીર્ઘદ્રષ્ટિ હતી. પરંતુ આ બધી હરકતોથી તેઓ અંગ્રેજ અધિકારીઓની આંખમાં કણાની જેમ હંમેશા ખટકતા રહેતા હતા.

લોર્ડ કર્ઝને ગણતરીપૂર્વક ૧૯૦૩ માં દિલ્હી દરબારનું આયોજન કર્યું હતું. નિમંત્રણનો સ્વીકાર મેવાડના રાજવી કરે તથા હાજર રહે તેવી બ્રિટીશ હકૂમતની મહેચ્છા હતી. સ્વાધીનતા પ્રેમી અનેક નાગરિકો મેવાડ આ દરબારમાં હાજર રહી કુરનીસ બજાવે તે પસંદ ન હતું. આથી તેઓએ આ વાત કવિ ઠાકુર કેસરીસિંહજીના ધ્યાને મૂકી. રાજ્યકવિએ આવનારી આપત્તિઓનો વિચાર કર્યા સિવાય રાજવીને કેટલાક દોહા (સોરઠા) લખી મોકલ્યા. રાજવીને આ દોહા વાંચ્યા પછી દિલ્હી દરબારમાં હાજર થવું ઉચિત ન લાગ્યું. આ એક ઐતિહાસિક અને રોમાંચકારી ઘટના છે.



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

૩૧ માર્ચ ૧૯૧૪ના દિવસે બ્રિટીશ સરકાર અનેક પ્રકારના આરોપ મૂકીને રાજનૈતિક ષડયંત્ર માટે કવિની ધરપકડ કરે છે. કવિની વારસામાં મળેલી સંપૂર્ણ જાગીર જપ્ત કરવામાં આવે છે. વિશાળ પુસ્તકાલય સાથેની તેમની હવેલી ખાલસા કરવામાં આવે છે. સુખી તથા સમૃધ્ધ કુંટુંબના સભ્યો એકાએક ઉપર આભ અને નીચે ધરતી એવી કફોડી હાલતમાં આવી જાય છે. ઠાકુર કેશરીસિંહના યુવાન ક્રાંતિકારી પુત્ર કુંવર પ્રતાપની ધરપકડ કરીને તેને બરેલી જેલમાં ગોંધી રાખવામાં આવે છે. કુંવર પ્રતાપસિંહ પાસે બંગાળના કેટલાક જાણીતા ક્રાંતિવીરો અંગે માહિતી છે. આ માહિતી કઢાવવા માટે કુંવર પ્રતાપસિંહ પર અમાનુષી યાતના સત્તાધિશો તરફથી ગુજારવામાં આવે છે. પરંતુ આ અસાધારણ દ્રઢ મનોબળ ધરાવતા આ ક્રાંતિવીર પાસેથી કોઈ વિગતો મેળવી શકતા નથી. યુવાન ક્રાંતિકારી કુંવર પ્રતાપ જેલમાં અદમ્ય યાતનાઓ ભોગવીને આ જગતમાંથી કાયમી મુકિત મેળવે છે. અનેક શક્યતાઓથી ભરેલું આ યુવાનનું જીવન અકાળે તથા અન્યાયી રીતે જેલ જીવનના સીતમ સહન કરીને અસ્ત પામે છે. પ્રસિધ્ધ ક્રાંતિકારી રાસબીહારી બોઝ લખે છે કે કેશરીસિંહે પોતાનું કહી શકાય તેવું સર્વસ્વ મુકિત સંગ્રામની વેદી પર અર્પણ કર્યું છે. ઠાકુર સાહેબે પોતાની જાત ઉપરાંત પોતાના લઘુબંધુ, પુત્ર તેમજ જમાઈને મુક્તિ સંગ્રામમાં હોમીને અસાધારણ વીરતા તેમજ દ્રઢતાનું દર્શન કરાવેલું છે. આવા ઉદાહરણો ઈતિહાસમાં જવલ્લે જ જોવા મળે છે. ૦૬ ઓકટોમ્બર-૧૯૧૪ના દિવસે ઠાકુર સાહેબને આજીવન કેદની સજા ફરમાવવામાં આવી. સરકાર તરફથી દલીલ તો ખૂબ ભારપૂર્વક એવી કરવામાં આવી હતી કે કવિરાજાને મૃત્યુદંડની સજા કરવામાં આવે. પરંતુ તત્કાલીન સુવિખ્યાત બેરિસ્ટર નવાબ હામિદ અલીખાને ઠાકુર સાહેબની નિર્દોષતા સાબિત કરવા માટે જુસ્સાપૂર્વકની તથા તર્કબધ્ધ દલીલો રજૂ કરી. આ રજૂઆતને અવગણીને મૃત્યુદંડનો નિર્ણય કરવો તે અદાલત માટે મુશ્કેલ હતું. કેસની સુનાવણીના અંતે ભરી અદાલતમાં ભાવુક બની બારિસ્ટર ખાન સાહેબે પોતાના અસીલનું ઉજવળ જીવન પ્રકાશિત કરવા અદાલતની અનુમતિથી 'નઝમ' સંભળાવી.

વો મુલ્ઝિમ કેસરી
જાનો દિલ સે હે દેશકા હામી
વો મુલ્ઝિમ ઉમ્ર જીસકી
દેશ કી ખિદમત મેં ગુઝરી હે
વો મુલ્ઝીમ શાયરે — યકતા
સબાંયે જિસકો કહતી હે
બદનમેં હડ્ડીયા જિતની હે
સબ તકલીફે સહતી હે.

# 'મરીઝ'ની શતાબ્દી વંદનાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, સુવિખ્યાત ગઝલકાર 'મરીઝ' - અબ્બાસ અબ્દુલઅલી વાસીની શતાબ્દી વંદનાનો કાર્યક્રમ, ગઝલ્‌વિદ્‌ ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન, ડૉ. એસ. એસ. રાહી અને ડૉ. નીતિન વડગામાની વિશેષ ઉપસ્થિતિમાં તા. ૧૨-૧૧-૨૦૧૬ના રોજ, કડી શિક્ષણ સંકુલ, બ્રહ્માણીકૃપા હોલ, સે-૨૩ ખાતે ખાસ આમંત્રિત - ગુજરાતના ખ્યાતિપ્રાપ્ત કવિ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાની ખાસ ઉપસ્થિતિમાં ઉજવાઈ ગયો.'

કાર્યક્રમની શરુઆત શબ્દની દેવી મા શારદાની સ્તુતિવંદનાથી રમણલાલ શ્રીમાળી દ્વારા સર્વેના સૂરના સથવારે કરવામાં આવી. ત્યારબાદ ઘનશ્યામ ગઢવીએ 'મરીઝ'ની ગઝલ રજૂ કરી. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન' ડૉ. એસ.એસ. રાહી અને ડૉ. નીતિન વડગામાની સાથે પ્રમુખ ભરત કવિ, મૂળજીભાઈ પરમાર અને સંજય થોરાતના હસ્તે કરવામાં આવ્યું. અને શાબ્દિક સ્વાગત ભરત કવિ દ્વારા કરાયા બાદ સંસ્થાના પદાધિકારીઓ દ્વારા ચારેય મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

ડૉ. એસ.એસ. રાહીએ 'મરીઝ'ના શેર-શાયરીઓના રદીફ-કાફિયા સાથે વિગતપૂર્ણ માહિતી સાથે શેર રજૂ કરી, 'મરીઝ'ની ૨૫૮ ગઝલોમાં સમાવિષ્ટ મુકાફા, મુસસ્સલ, દર્દ, નકશામાં, નઝમનુમા પૈકી મુસસ્સલના ભાવને ઉજાગર કરતા જણાવ્યું કે, ગઝળના ભાવ, વિચાર, ઊર્મિ કે વિષયનું - સાતત્ય (લગાતાર) જાળવતી ગઝલ એટલે મુસસ્સલ ગઝલ. કોઈ પ્રસંગ કથા કે કિસ્સાને રજૂ કરતી એટલે નઝમ્નુમા ગઝલ - વર્ણાનાત્મક ગઝળ પણ કહી શકાય. મરીઝની ૨૫૮ ગઝલોમાં ૧૮ - મુસસ્લલ ગઝલો, દર્દ-૧ અને નકશામાં-૨ ગઝલોનો સમાવેસ થાય છે. 'મરીઝ' ના ત્રણ ગઝલ સંગ્રહો (૧) આગમન - ૧૯૬૮ (૨) નકશા - ૧૯૮૫ અને (૩) દર્દ - ૨૦૦૯ તેમના વાચકોમાં અતિપ્રિય ગઝલ સંગ્રહો છે. તેમને 'મરીઝ'ના શેર રજૂ ક્યા :

'જિંદગીને જીવવાની ફિલસૂફી સમજી લીધી,
જે ખુશી આવી જીવનમાં આખરી સમજી લીધી.'

●●●

'પ્રેમમાં કંઈ જ અંતરાય નથી,
હો ન હિંમત, તો કંઈ ઉપાય નથી.'

●●●

'એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો,
કહેવાનું ઘણું હો, ને કશું યાદ ન આવે.'

ડૉ. નીતિન વડગામાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે વેધકતા, વક્તા અને સરળતાએ 'મરીઝ'ની ગઝલની ખાસ વિશેષતાઓ છે. વ્યંગ, કટાક્ષ, લય, મય, મદીરા, વિનોદ વગેરેના ચિંતનનું અગાધપણું અને ઊંડાણ 'મરીઝ'ની ગઝલોના શબ્દે શબ્દમાં ઉજાગર થાય છે. મરીઝના શેર આકર્ષે છે અને દિલને સ્પર્શે છે કારણ કે એ શાશ્વત અને સનાતન સત્યને રજૂ કરે છે અને વેધક અને વ્યંગપૂર્ણ હોવા છતાં સરળ છે અને આ સરળતાની પાછળ ગહનતા પણ છુપાયેલી છે. મરીઝની ગઝળોમાં ભાવસૃષ્ટિ, આકર્ષણ, મયપરસ્તી, મયખાના-મદીરા, માનવની વિડંબના, ચિંતનનું ઊંડાણ, કરુણતાનો સૂર અને ભાવનો ભગવો સ્પર્શ પણ છે. પ્રકૃતિ, મૈત્રી, જીવન અને જગત-મૃત્યુ વિષેનું ચિંતન, જીવન - દર્શન - જિંદગીની રૂપલીલાને વર્ણવી શેર રજૂ કરતાં જણાવ્યું :

''આ બધા નિષ્ફળ પ્રસંગો, આ બધા ફિક્કા બનાવો;
થાય છે જો સંકલિત, તો થઈ જાય છે જિંદગી.''


●●●

''એકાદ ખૂણે તો મને રહેવા દે ચેનથી,
ઓ જિંદગાની તારા હજારો વિભાગ છે.''

●●●

''સુખના પ્રવાહ હોય કે દુઃખના હોય ઊભરા,
શોભે છે જયારે એની રજુઆત ગમે.''

તેમણે વધુમાં જણાવ્યું કે પ્રેમની ત્રિજયાની બહાર નીકળીને મરીઝે પ્રકૃતિનું ચિંતન પણ અદ્‌ભૂત રીતે કરાવ્યું છે. જિંદગીના હજારો વિભાગ છે અને તેના હજારો લિબાશ છે. આ જિંદગી પાણીના પરપોટા જેવી છે એટલે પરપોટાની ક્ષણ ભંગુરતા મુજબ આ જીવનની ક્ષણભંગુરતાનો કયારે અંત આવે અને કયારે જિંદગીના શ્વાસનો દોર તૂટે, એ ડર કરતાં, આ જિંદગીના પરપોટાની નજાકતતા અને એના અપ્રતિમ સૌંદર્યને માણીને ભરપૂર મોજ કરી લેવી જોઈએ. એવી જાનદાર ફિલોસોફી 'મરીઝ'ના શેરના શબ્દોમાંથી ટપકે છે આમ જાતજીવન અને જગત વિશેનું ચિંતન, મરીઝે તેમની ગઝલોમાં બાખૂબી ઉતાર્યું છે.



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

'મરીઝ'ના જીવનના વિવિધ પાસાંને અદ્‌ભૂત રીતે 'સમગ્ર મરીઝ' પુસ્તકમાં સુપેરે ઉજાગર કરનાર ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન' એ મરીઝના એક અનોખા અને અદ્‌ભૂત પાસાને ઉઘાડ આપી 'મરીઝના ઘર' વિષે મૂલવણી કરતાં જણાવ્યું કે, મરીઝ એટલે 'સુરાલય' - દારૂનું પીઠું અને 'ઘર' આ બંનેની વચ્ચે વિસ્તરેલું કલ્પનામય સમગ્ર જીવન. મરીઝની ગઝલોમાં તેમનું ઘર કયારેક પ્રિયતમાનું ઘર તો કયારેક શરાબીનું ઘર, કયારેક દુશ્મનનું ઘર તો કયારેક દર્દ-દુઃખનું ઘર, કયારેક પત્નિનું ઘર તો કયારેક વિષાદનું ઘર. આમ મરીઝની ગઝલોમાં 'ઘર' શબ્દ શરાબ કરતાંય ઊંડો ઊતરી ગયો છે.

કાર્યક્રમનો રંગ રાખતા 'મિસ્કીન' સાહેબે જણાવ્યું કે

'મોત વેળાની આ ઐયાસી નથી ગમતી મરીઝ,
હું પથારી પર રહું અને ઘર આખું જાગ્યા કરે!'
'મરીઝ ગાળીને એમાં જ પી રહ્યા છો શરાબ,
કદી ન પીવાની વાળી'તી જે રૂમાલમાં ગાંઠ.'
'બસ એટલી સમજ મને પરવર દિગાર દે,
સુખ જયારે જયાં મળે ત્યાં બધાના વિચાર દે.'

સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ મરીઝને ટાંકીને કહ્યું હતું કે ગુજરાતી ભાષાને સદાય મહેકતી રાખવા અકાદમી ગુજરાતભરમાં સતત કાર્યક્રમો કરતી રહી છે. અંતમાં આભારવિધિ સંજય થોરાતે કરી હતી અને આ કાર્યક્રમનું ભાવવાહી અને 'મરીઝ' સાહેબની શેરૂ-શાયરીની રજૂઆત સાથે સુપેરે કવિ પ્રતાપસિંહ ડાભીએ સંચાલન કર્યું હતું.

- muljibhaidadhi@gmail.com